# આખોલ ચાર રસ્તા પર વારંવાર ટ્રાફિક ચક્કાજામ



ડીસા, તા. ૨૨

ડીસા આખોલ ચાર રસ્તા પર વારંવાર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતા વાહન ચાલકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. ધાનેરા, થરાદ અને ભીલડી તરફના સર્વિસ રોડ પર સતત વાહનોનો ઘસારો રહે છે. ત્યારે વારંવાર ટ્રાફિક ચક્કાજામની સ્થિતિ વાહન ચાલકો માટે માથાના દુઃખાવા રૂપ બની રહે છે.

આ વિસ્તારના લોકોએ જણાવ્યું હતું કે બ્રીજની નીચે પોલીસ ચોકી ઉભી કરવામાં આવી છે. પરંતુ જવાબદાર પોલીસ કર્મીઓ ભાગ્યે જ હાજર જોવા મળે છે એટલે જ્યારે ટ્રાફિક ચક્કાજામની સ્થિતિ સર્જાય ત્યારે જવાબદાર પોલીસ કર્મીઓને હોવાથી વાહનોની લાંબી કતારો લાગી જાય છે અને વાહન ચાલકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડે છે.

# શહીદોના માનમાં મહેસાણામાં સંપૂર્ણપણે 'બંધ' પળાયો

મહેસાણા, તા. ૨૨

તાજેતરમાં જમ્મુ-કાશ્મીરના ઉરી સેન્ટરમાં પાકિસ્તાની આંતકવાદીઓએ કરેલ હિચકારા હૂમલામાં ભારતીય વીર જવાનોએ વ્હોરેલ શહીદીને લઈને સમગ્ર ભારત દેશમાં પાક. પ્રેરિત આંતકવાદ સામે ભારે આક્રોશની લાગણી ફેલાઈ છે. દરમિયાન લશ્કરના શહીદોને શ્રદ્ધાંજલિ આપવા માટે મહેસાણા જિલ્લાના શહેરી ગ્રામિણ વિસ્તારોમાં લોકો દ્વારા શ્રદ્ધાંજલિ સભાઓ અને કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી. શહીદોના માનમાં આજે જિલ્લા મથક મહેસાણા શહેરમાં સ્વૈચ્છિક સંપૂર્ણપણે બંધ પળાયો હતો. વહેલી સવારથી જ શહેરના વિવિધ બજારો બંધ રહ્યા હતા.

ગઈરાત્રે મહેસાણા જિલ્લાના ઊંઝા શહેરમાં લશ્કરના જે વીર જવાનોએ શહાદત વ્હોરી હતી તેઓના માનમાં કેન્ડલ માર્ચ યોજાઈ હતી. અને શહીદોને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ ઉપરાંત ઊંઝા નજીકના ઉનાવા ગામે પણ શહીદોના માનમાં મહાદેવ ચોકમાં નાગરિકોએ મીણબત્તી સળગાવી શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## ઉરીના આતંકવાદી હૂમલામાં શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ



અરવલ્લી જિલ્લામાં મોડાસામાં ગણેશચોકમાં યુવકો દ્વારા ઉરીમાં થયેલ આતંકવાદી હૂમલામાં શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમ સાથે પાકિસ્તાનના રાષ્ટ્રધ્વજના પોસ્ટરને સળગાવીને પાકિસ્તાન વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મોડાસામાં ગામ વિસ્તારમાં મહારાજા ગણેશ મિત્ર મંડળ અને પાલિકાના ઉપપ્રમુખ સહિત અગ્રણીઓની હાજરીમાં ઉરીમાં આતંકવાદી હૂમલામાં શહીદ થયેલા ૧૮ વીરજવાનોને મીણબત્તી જલાવી શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ હતી. સાથેસાથે જવાનોના વેલ્ફેર ફંડ માટે રૂ. ૧ હજારનો ચેક પણ આપવામાં આવ્યો હતો. શ્રદ્ધાંજલિ કાર્યક્રમ બાદ પાકિસ્તાન વિરોધી સૂત્રોચ્ચાર કરીને પાકિસ્તાનના રાષ્ટ્રધ્વજનું પોસ્ટર બાળીને આક્રોશ વ્યક્ત કયાયો હતો. આમ શહેરમાં ઠેર ઠેર વિરોધ પ્રદર્શનો યોજી દેશભક્તિ તેમજ દેશના જવાનો માટે સહાનુભૂતિ અને લાગણીભર્યા દ્રશ્યો શહેરીજનોમાં જોવા મળી રહ્યા છે.

# પ્રજાજનોના રક્ષક કહેવાતા પોલીસની ખાખી વર્દી પણ સલામત નથી

### વિજયનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલની ગત મધ્યરાત્રે અજાણ્યા ઈસમોએ બરાબરની ધોલાઈ કરી વાંઘામાં લોહીલુહાણ હાલતમાં મુકી અજાણ્યા ઈસમો પલાયન

ભિલોડા.તા.૨૨

વિજયનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલની ગત મધ્યરાત્રે ભિલોડા તાલુકાના લીલછા ગામ પાસે અજાણ્યા ઈસમોએ ધોલાઈ કરી વાંઘામાં લોહીલુહાણ હાલતમાં મુકી અજાણ્યા ઈસમો પલાયન થઈ જતાં આખાય વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. દેશમાં શહેર હોય કે ગામડા હોય કોઈનીય સલામતી દેખાતી નથી. ખાખી વર્દી ઉપર આટલો મોટો જુલમ ગુજારી અજાણ્યા ઈસમોએ ઢોર માર માર્યો હોય તો સામાન્ય માણસોનું તો શું થાય? આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ઈડર તાલુકાના બડોલી ગામના રહેવાસી અને વિજયનગર પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા કિશોરભાઈ ચુનીલાલ સોલંકી, આ. ઉં.વ. ૫૫, બં.નં.૯૦૧ હેડ કોન્સ્ટેબલ વિજયનગર ટ્રેઝરી ઓફીસમાં ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા. હેડ કોન્સ્ટેબલની નોકરી તા.૨૧/૯/૨૦૧૬ ને બુધવારના રોજ ૧૧:૦૦ વાગ્યા પુરી થઈ હતી અને તેઓ બડોલી તરફ જવા નીકળ્યા હતા ત્યારે ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા જાણવા મળ્યું છે કે અજાણી મોટર સાયકલ ઉપર બેસી જતા હોઈ તેઓની સાથે અજાણ્યા બે ઈસમો ધ્વારા કોઈ પણ અગમ્ય કારણોસર ઝગડો થતાં હેડ કોન્સ્ટેબલને કોઈ પણ હથીયાર વડે માથાના ભાગે, મોઢાના ભાગે શરીરે ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ગંભીર ઈજાઓ પહોંચાડી કપડાં પણ ઉતારી લઈ કપડા પણ વાંઘામાં સળગાવી વાંઘામાં લોહીલુહાણ હાલતમાં કોન્સ્ટેબલને ફેંકી દઈ નાસી જતાં પોલીસ બેડામાં સનસનાટી મચી જવા પામી છે.



ત્યારે ભિલોડા ૧૦૮ એમ્બ્યુલન્સ વાન ઈ.એમ.ટી.,પાયલોટ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ૧૦૮ મારફતે તા.૨૧/૯/૨૦૧૬ ના રોજ રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં નગ્ન અવસ્થામાં ચાદર ઓઢાડી હેડ કોન્સ્ટેબલને લવાયો હતો. ભિલોડા કોટેઝ હોસ્પિટલ મેડીકલ ઓફીસર ડૉ.મયુરભાઈ પટેલના જણાવ્યા મુજબ પ્રાથમીક સારવાર આપી વધુ સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.વિજયનગર પોલીસ સ્ટેશન હેડ કોન્સ્ટેબલના પુત્ર સંજયભાઈ કિશોરભાઈ સોલંકી, રહે. બડોલીએ આ બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસએ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળેલ છે.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. આર.એચ.સોલંકી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ઉરીના શહિદ જવાનોને પાલનપુરમાં કોંગ્રેસે અર્પી શ્રદ્ધાંજલિ

પાલનપુર, તા. ૨૨

જમ્મુ કાશ્મીરના ઉરી ક્ષેત્રમાં પડોશી દુશ્મન દેશ પાકિસ્તાનમાંથી ભારતમાં ઘુસણખોરી કરી આર્મીના જવાનો પર આતંકીઓએ હૂમલો




કરતા આપણા ૧૮ જવાનો શહિદ થયા હતા.

તેને પગલે દેશભરમાં શહિદોને શ્રદ્ધાંજલિ પાઠવી અવળચંડાઈ કરતા પાકિસ્તાનને સબક શિખવાડવા દેશવાસીઓ કેન્દ્રની એનડીએની સરકારના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સમક્ષ ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

ત્યારે પાલનપુરના ગુરૂનાનક ચોક વિસ્તારમાં કોંગ્રેસ દ્વારા શહિદોને શ્રદ્ધાંજલિ અર્પી મીણબત્તીઓ પ્રગટાવી પાકિસ્તાન વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી આપણા શહિદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીરભાઈ ચૌહાણ સાથે દાંતાના ધારાસભ્ય કાન્તીભાઈ ખરાડી, જાકીરભાઈ અથાણીયા, મોહનલાલ જોષી, મુકેશ ચૌહાણ, સાગર માળી, લક્ષ્મીબેન કરેણ, ગુલશનબેન વખારીયા, નયનાબેન પઢીયાર, આશા રાવલ સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગર ખાતે પ્રદૂષણ અટકાવવા સાઈકલ રેલી

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ન્યાયમંદિર ખાતે આવેલ IANT દ્વારા તેના વિદ્યાર્થીઓની "GO GreeN" (પ્રદૂષણ અટકાવો) સાઈકલ રેલી યોજાઈ હતી. જેમાં IANT નો સ્ટાફ સહિત ૨૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓ સાઈકલ સાથે રેલી યોજી પ્રદૂષણ અટકાવો અભ્યાન સાથે રેલી યોજી હતી.

હિંમતનગરના હાર્ટ સમાન મહાવીર નગરથી રીલાયન્સ મોલ ચાર રસ્તા સુધી એક કિલોમીટર IANTના વિદ્યાર્થીઓએ પર્યાવરણ થતું નુકશાનને ધ્યાને લઈને હાથમાં પોસ્ટરો સાથે સાઈકલ રેલી કાઢવામાં આવી હતી. જેમાં IANT સ્ટાફ સહિત વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓ જોડાયા હતા. જ્યારે આજથી આઠ દિવસ સુધી વિવિધ કાર્યક્રમો યોજાનાર છે અને આનાથી પોતે અને અન્ય લોકોમાં જાગૃતિ આવે પ્રેરણા મળે તેનુ પુરતુ ધ્યાન રાખવામાં આવશે જેવા સંકલ્પો IANTના વિદ્યાર્થી દ્વારા કરવાથી આધુનિક યુગમાં દરેક માટે ખરેખર પ્રેરણારૂપ છે.

# ભાભર પોલીસ હેડ કોન્સ્ટેબલના પરિવારજનોને ન્યાય અપાવવાની માંગ

### પાલનપુરથી ભાભર સુધીની ન્યાય યાત્રા યોજતી ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના : મંજૂરી વિના યાત્રા ન યોજવા દેવાનો પોલીસનો દાવો થયો પોકળ પુરવાર

પાલનપુર, તા. ૨૨

ભાભરના પોલીસ કોન્સ્ટેબલના અપમૃત્યુને ૨૪ દિવસ વીતવા છતા હજી સુધી આરોપીઓ પોલીસ પકડથી દૂર છે. ત્યારે આરોપીઓને સત્વરે ઝડપી લેવાની માંગ સાથે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના મેદાને પડી છે. જેના ભાગરૂપે આજે પાલનપુરથી ભાભર સુધીની ન્યાય યાત્રા યોજવામાં આવી હતી.

સરહદી બનાસકાંઠા જિલ્લાના ભાભર પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે નાગજીજી ઠાકોર ફરજ બજાવતા હતા. દારૂ-જુગારની બદી સામે બાયો ચડાવનાર પોલીસ કોન્સ્ટેબલનું ભેદી સંજોગોમાં અપમૃત્યુ થયુ હતુ. જેમના મૃતદેહ પાસેથી સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં ૮ આરોપીઓનો ઉલ્લેખ કરાયો હતો. જોકે, રાજકીય અગ્રણીઓ અને પીએસઆઈ સહિતના આરોપીઓની ધરપકડ કરવામાં પોલીસ નાકામ રહી છે.

ત્યારે મૃતકના પરિવારજનોને ન્યાય આપવાની માંગ સાથે ગુજરાત ક્ષત્રિય



ઠાકોર સેનાએ ન્યાય યાત્રા યોજી હતી. આ યાત્રાને તંત્રએ મંજૂરી ન આપતા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ૧ ડિવાયએસપી, ૨ પીઆઈ, ૬ પીએસઆઈ અને ૩૦૦ પોલીસકર્મીઓનો કોન્સ્ટેબલોનો કાફલો પાલનપુર એરોમા સર્કલ પર ખડકી દેવાયો હતો. જોકે ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા અને મંજૂરી વિના પણ યાત્રા યોજવા મક્કમ બન્યા હતા. દરમિયાન, એકાદ કલાક બાદ આવેલા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ અલ્પેશ ઠાકોરની આગેવાની તળે ન્યાય યાત્રા પાલનપુરથી ભાભર જવા રવાના થઈ હતી.

જોકે ન્યાય યાત્રાને તંત્ર દ્વારા મંજુરી મળી નહતી, આમ છતાં ઠાકોર સેનાએ યાત્રા યોજવાનું એલાન કરતા પોલીસ કાફલો ખડકી દેવાયો હતો. દરમિયાન પોલીસે ભાભર ખાતે સભા યોજવાની મંજૂરી આપી મામલો થાળે પાડ્યો હોવાના અહેવાલ સાંપડ્યા હતા.

# હિંમતનગર અને ઈડરની અદાલતમાં કિયોસ્ક મશીન મુકાયા



હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની અને ઈડરની ત્રણ અદાલતોમાં ગુરૂવારે કેસ ઈન્કવાયરી કિયોસ્ક મશીન મુકવામાં આવ્યા હતા. આ અંગે હિંમતનગર સેસન્સ કોર્ટ દ્વારા જણાવાયેલ કે નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદના પ્રયાસથી ટેકનોલોજીના માધ્યમથી હિંમતનગરની બે અદાલતો અને ઈડરની એક અદાલોતમાં આવતા પક્ષકારો અને વકીલો તથા જાહેર જનતાને કેસનું સ્ટેટસ આંગળીના ટેરવે સરળતાથી જાણી શકે તે આશયથી કેસ ઈન્કવાયરી કિયોસ્કને ગુરૂવારથી સાબરકાંઠા જિલ્લાના મુખ્ય ન્યાયાધીશ કે.બી. ગુજરાથીએ હિંમતનગરની જિલ્લા અદાલત અને ચીફ કોર્ટમાં જાહેર જનતાના ઉપયોગ સારૂ કિયોસ્ક મશીન ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા બાર એસોસીએશનના પ્રમુખ રાજેન્દ્ર વી. શર્મા, હિંમતનગર પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટ ખાતે બીજા એડીશનલ ડિસ્ટ્રીક ન્યાયાધીશ ડી.ડી. ઠક્કરે ઈડર ખાતેની પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટમાં પણ કિયોસ્ક મશીન કાર્યરત કરી જાહેર જનતા માટે ખુલ્લુ મુક્યુ હતુ. આ મશીનથી હિંમતનગર અને ઈડરની અદાલતોમાં આવતા પક્ષકારો, વકીલો અને જાહેર જનતાને ટેકનોલોજીના માધ્યમથી કેસનું સ્ટેટસ જાણવા મળશે તે સિવાયની કેસ અંગેની થયેલ કામગીરી પણ જાણવા મળશે તો આ પ્રસંગે જિલ્લા સરકારી વકીલ અરવિંદભાઈ પટેલ સહીત મોટી સંખ્યામાં વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા તાલુકાની ગ્રામ પંચાયતોમાં જમીન ઉતારાની સ્ટેશનરીના અભાવે આક્રોશ

### તંત્રની લાપરવાહીના લીધે કેટલાક મહિનાઓથી ઉતારા કઢાવવા માટે લોકોને ધક્કા ખાવાનો વારો : ઈ ધરા ગ્રામ પંચાયતોમાં સ્ટેશનરી ખુટતા ખેડૂતોના કામ ટલ્લે ચઢ્યા

મોડાસા, તા. ૨૨

મોડાસા તાલુકાની ઈ ધરા ગ્રામ પંચાયતોમાં છેલ્લા કેટલાક મહિનાઓથી જમીનના ઉતારા કઢાવવા માટેની સ્ટેશનરી ખુટી જવા પામી છે. ઈ ધરા ગ્રામ પંચાયતોમાં સ્ટેશનરીના અભાવે ખેડૂતોને ભારે પરેશાની ભોગવવાનો વારો આવ્યો છે. તાલુકાની ગ્રામ પંચાયતોમાં સ્ટેશનરી ખુટી પડી હોવા છતાં તંત્ર દ્વારા નવી સ્ટેશનરી ન અપાતા લોકોમાં તંત્ર સામે રોષ પ્રગટ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા જમીનના ઉતારા માટે ખેડૂતોએ તાલુકાની કચેરીઓ સુધી લાંબા ન થવુ પડે અને ધક્કા ન ખાવા પડે એ માટે ઈ ધરા ગ્રામ પંચાયતોમાં જ જમીનના ઉતારા કાઢી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ તંત્ર દ્વારા ઈ ધરા ગ્રામ પંચાયતોમાં ઉતારા કાઢવા માટેની સ્ટેશનરી પુરતા પ્રમાણમાં ન આપતા લોકો પરેશાન થઈ ગયા છે. છાશવારે ખુટી જતી સ્ટેશનરીના લીધે લોન માટે કે અન્ય કામગીરી માટે જમીન ઉતારા કઢાવવા જતા ખેડૂતોએ ગ્રામ પંચાયતોમાંથી વિલા મોઢે પાછા ફરવું પડે છે. જમીન ઉતારા માટેની સ્ટેશનરી મોડાસા તાલુકાની ઈ ધરા ગ્રામ પંચાયતોમાં ખુટી પડતા જમીનના ઉતારા ન નિકળતા હોઈ ખેડૂતોના કામો ટલ્લે ચઢ્યા છે. એક યા બીજી પંચાયતોમાં જમીનના ઉતારા માટે ફરી ને આવતા ખેડૂતોને બધી જગ્યાએથી સ્ટેશનરીના અભાવે પાછા ફરવુ પડે છે. ત્યારે તંત્રના ભોગે ખેડૂતોના સમય અને નાણાંનો વ્યય થાય છે. ગ્રામ પંચાયતમાં સ્ટેશનરીના અભાવે કામ ન થતાં લોકોને ધરમ ધક્કા ખાવાનો વારો આવતા તંત્રની લાપરવાહી સામે લોકોએ રોષ વ્યક્ત કર્યો હતો અને ઈ ધરા પંચાયતોમાં તાત્કાલિક સ્ટેશનરીની વ્યવસ્થા કરવામાં આવે તેવી મોડાસા પંથકના લોકોમાં પ્રબળ માંગ ઉઠી છે.

## ડૉક્ટરેટની માનદ્ પદવી

યોગ સંસ્કૃતમ યુનિવર્સિટી ફલોરીડાએ સુપથના સંસ્થાપક અને નિર્દેશક દેવેન્દ્ર સુતરીયાને ડૉક્ટર ઓફ ફિલોસોફી (વેદીક યોગા)ની માનદ્ પદવી એનાયત કરી છે. તેમની અધ્યાત્મા યોગ, સામાજીક સ્વાસ્થ અને આર્થિક સશક્તિકરણના ક્ષેત્રમાં કરેલ નોંધપાત્ર યોગદાન માટે આ સન્માન પ્રદાન કરાયેલ છે. તાજેતરમાં હૈદ્રાબાદ ખાતે ઈન્ડિયન ફોરમ ઓફ યોગ સંસ્કૃતમ યુનિવર્સિટી દ્વારા આયોજીત છઠ્ઠા દીક્ષાંત સમારોહમાં યુનિ.ના ચાન્સેલર ડૉ. બી.બી. કે. શાસ્ત્રી, ઈન્ડિયન ફોરમના નિર્દેશક ડૉ. એન.બી. આર.એ રાજા તથા ડૉ. પ્રભાકર કે. કશ્યપ દ્વારા પદવી આપવામાં આવી છે.



# મહેસાણા જિલ્લામાં પી.વી.સી. ચૂંટણી કાર્ડ નિયત સ્થળોએ મેળવી શકાશે

મહેસાણા, તા. ૨૨

મહેસાણા જિલ્લામાં નવીન કલર પી.વી.સી. એપીક કાર્ડ મેળવી શકાશે. મતદારયાદીમાં નોંધાયેલા મતદારોને રંગીન પી.વી.સી. ઓળખપત્ર આપવાની કામગીરી જિલ્લાના વિવિધ સ્થળોએ ચાલુ છે. નવીન કલર પી.વી.સી. એપીક કાર્ડ મેળવવા માટે ૩૦ રૂપિયા ફી નિયત કરવામાં આવી છે.

જિલ્લામાં બહુમાળી મકાન, બ્લોક નં. ૧, ભોંયતળીયે મહેસાણા, જિલ્લાની તમામ મામલતદાર કચેરીઓ મહેસાણા, ઊંઝા, કડી, વિસનગર, બેચરાજી, વિજાપુર, ખેરાલુ, વડનગર, સતલાસણા અને જોટાણા તેમજ ગ્રામ પંચાયત કચેરી ગોઝારીયા ખાતે નવીન પી.વી.સી. એપીક કાર્ડ મેળવી શકાશે. જિલ્લામાં આ સિવાય અન્ય કોઈ કેન્દ્રો ખોલવામાં આવેલ નથી તેમ જિલ્લા ચૂંટણી અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવ્યું છે.